

| | |
|---|---|
| દાખલ તારીખ | : ૧૮/૧૧/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | : ૧૮/૧૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : ૦૨/૦૨/૨૦૨૪ |
| સમય ગાળો | : |

–વર્ષ –માસ –દિવસ

**આંક–**

**મે. એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. હળવદ, જી. મોરબી**

**રેગ્યુલર દિવાની કેસ નં. ૨૩૪/૨૦૨૨**

**વાદી** : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
કોર્પોરેટ ઓફીસ નાના મવા રોડ, લક્ષ્મીનગર, રાજકોટ,
પી.જી.વી.સી.એલ. રૂરલ પેટા વિભાગીય કેચરી–હળવદ,

**વાદી તરફે** : વિ.વ.શ્રી. કે.આઈ.દલવાડી

**વિરુધ્ધ**

**પ્રતિવાદી** : સ્વ. નાનુભાઈ લાખાભાઈ રબારીના વારસ,
(૧) મેઘુબેન નાનુભાઈ રબારી, ઉ.વ.૬૦,
(૨) કમલેશભાઈ નાનુભાઈ રબારી, ઉ.વ.૩૮,
બન્ને રહે. મયુરનગર, તા.હળવદ, જી.મોરબી.

**પ્રતિવાદી તરફે** : કોઈ હાજર નથી.

**દાવો** : **રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા વસુલ લેવા...**

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીની હેડ ઓફીસ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડએ નામથી રેસકોર્ષ, વડોદરા ખાતે આવેલી છે તથા જે ગુજરાત ઈલેકટ્રીક સીટી બોર્ડ જે એક સ્ટેચ્યુટરી બોડી હતી જે ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ એ નામથી નોંધાયેલ કંપનીમાં વિલીનીકરણ થયેલ છે અને તે કંપનીના કંટ્રોલ હેઠળ વહીવટી સરળતા માટે ૬ અલગ–અલગ કંપનીઓ અસ્તિત્વમાં આવેલ જે પૈકી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ નામથી એક કંપની જે સૌરાષ્ટ્ર કચ્છ ઝોન માટેની જવાબદાર કંપની છે જેની હેડ

ઓફીસ રાજકોટ ખાતે આવેલ છે તથા જેની એક પેટા કચેરી હળવદ શહેર મુકામે આવેલ છે. જે આ કામના વાદી છે. વાદી ઈલેકટીક સીટી સપ્લાયર્સ એકટ મુજબ સ્ટેચ્યુરી પીજીવીસીએલના નામે વીજ કંપની લાયસન્સી છીએ વાદી કંપનીની મુખ્ય ઓફિસ રાજકોટ ખાતે આવેલી છે જેની પેટા કચેરી હળવદ મુકામે આવેલ છે અને ત્યાંથી વિજ વિતરણ અને સંચાલન અને વિજ નિયમન કરે છે. જે રીતે વિજ વપરાશના હેતુસર કે જેમાં મુખ્યત્વે ઔધાગિક, ખેતીવાડી, ઘર વપરાશ વિગેરે હેતુનો સમાવેશ થાય છે. તેવા હેુસર વિજળી વપરાશ કરવા માંગતા ગ્રાહકોને સદર કંપનીના કાયદા મુજબ તથા ધારા–ધોરણ મુજબ વીજળી વિતરણ કરી વિજ સેવા પુરી પાડે છે. તે રીતે વાદી અને વીજ વાપરતા ગ્રાહકો એકબીજા સાથે કરાર આધારીત પક્ષકારો છે. આમ, આ કામના પ્રતિવાદીએ વાદી પાસેથી ઘર વપરાશના હેતુસર વીજ પુરવઠો મેળવવા માટે કંપનીના નિયમ મુજબ નિયત ફોર્મમાં અરજી કરતા વાદીએ પ્રતિવાદીને વિજ પુરવઠો આપવાનું સ્વીકારેલ અને તે માટે પ્રતિવાદીએ કંપનીના નિતી–નિયમો તથા ઠરાવેલ શરતોએ વિજ વપરાશના બદલામાં નાણાના સ્વરૂપમાં ચડયુ ચડયુ બીલ ભરપાઈ કરવા માટે વચન આપેલ અને તે મુજબ કંપની અને પ્રતિવાદી વચ્ચે કરાર આધારરિત જરૂરી દસ્તાવેજો થયેલ અને પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજો કરી આપેલ અને શરતો સ્વીકારેલ જે હકકીતે પ્રતિવાદી કંપનીના ગ્રાહક થયેલ. પ્રતિવાદીનો ગ્રાહક નં. ૭૩૬૩૮/૦૧૧૦૭/૦ અને તે રીતે કંપનીના ગ્રાહક દરજ્જે વિજ વપરાશના તથા મીનીમમ વજી વપરાશની રકમ તથા કાયદા મુજબના વ્યાજની તથા અન્ય ઠરાવેલ રકમ તમામ ભરપાઈ કરવા માટેની જવાબદારી આ કામના પ્રતિવાદીની છે. આમ, વાદીએ પ્રતિવાદીને વિજ પુરવઠો પુરો પાડેલ છે અને વાદી તરફથી નિયમ મુજબ વિજ વપરાશનું બીલ આપવામાં આવેલ. પરંતુ પ્રતિવાદી વિજ પુરવઠો સતત વાપરતા રહેલ અને બીલની રકમ નિયમિત રીતે ભરપાઈ કરવાની કોઈ દરકાર કરેલ નહીં અને બીલની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ રહેલ છે. પ્રતિવાદીની વીજ વપરાશ તથા મીટર ભાડુ ઈલેકટ્રીક ડયુટી, મીનીમમ ચાર્જ તથા ડીલેપેમેન્ટ ચાર્જ વગેરે મળી માસ જાન્યુ.–ફેબ્રુ. ૨૦૧૯ થી જુલાઈ ૨૦૨૨ ના સમયગાળા માટે રૂા.૪૧,૦૯૪–૫૫ પૈસા પ્રતિવાદીએ વાદીને ભરપાઈ કરેલ નથી અને સતત વપરાશ કરેલ છે અને તે રીતે પ્રતિવાદીએ કરારનો ભંગ કરેલ છે જે હકીકતે રૂા.૪૧,૦૯૪–૫૫ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ કરવા વાદી હકકદાર થાય છે. આ ઉપરાંત પ્રતિવાદીને તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ કાયદા મુજબ મળવાપાત્ર લેણી રકમ વસુલ કરવા રજી. એડી.થી નોટીસ આપેલ જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે અને રકમ ભરપાઈ કરવા જાણ કરેલ છતાં તેમ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ ગયેલ ત્યારથી તેમજ પ્રતિવાદી તરફથી કરારનો અંત આણતા વાદીએ પ્રતિવાદીનું કનેકશન કાયમી ધોરણે કાપી નાખ્યુ ત્યારથી, તેમજ જેમ જેમ વીજ વપરાશની બીલની રકમ પ્રતિવાદી ખાતે ઉધારાતી ગઈ ત્યારથી તેમજ ત્યાર પછી રોજેરોજ આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. ઉપરોકત જણાવ્યા મુજબની રકમ તથા દાવાનાં તમામ ખર્ચ સહીત દાવાની દાખલ તારીખથી વાદીના લેણા વસુલ થતા સુધી વાર્ષિક ૧૮ ટકાના ચડતા વ્યાજ સહીત આ કામના પ્રતિવાદી વાદીને ચુકવી આપે તેવો આ કામનાં વાદીના લાભમાં તેમજ પ્રતિવાદીની વિરૂઘ્ધમાં હુકમ કરી અને પ્રતિવાદીને વાદીના નાણાં ભરપાઈ કરી આપવા હુકમ કરવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૨) વાદીનો આ દાવો રજીસ્ટરે નોંધી પ્રતિવાદીઓ ને સમન્સ/નોટીસ કરતાં તેની પ્રતિવાદીઓને બજવણી થતાં આ કામે પ્રતિવાદી પોતે કે તેમના વકીલ મારફતે હાજર થયેલ નથી

કે વાદીની દાવા અરજનો કોઈ લેખિત જવાબ રજુ કરતાં ન હોય, સદર કામ પ્રતિવાદી સામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખીક પુરાવો :**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | વાદી તર્ફે અલ્પેશ શીવલાલ અંબાણીનું પુરાવાનું સોગંદનામું |

**દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | પર્ફોર્મા નં.૧૨ |
| ૨ | ૧૩ | ડી.પી.સી. કેલકયુલેશન શીટ |
| ૩ | ૧૪ | કન્ઝયુમર્સ પર્સનલ લેજર |
| ૪ | ૧૫ | પ્રતિવાદી નં.૧ ને આપેલ રજી.એડી.નોટીસની ઓફીસ પ્રત |
| ૫ | ૧૬ | પ્રતિવાદી નં.૧ ને આપેલ રજી.એ.ડી. ની પહોંચ |
| ૬ | ૧૭ | પ્રતિવાદી નં.૧ ને રજી.એડી.બજયા અંગેનું સ્ટેટસ |
| ૭ | ૧૮ | પ્રતિવાદી નં.૨ ને આપેલ રજી.એડી.નોટીસની ઓફીસ પ્રત |
| ૮ | ૧૯ | પ્રતિવાદી નં.૨ ને આપેલ રજી.એ.ડી. ની પહોંચ |
| ૯ | ૨૦ | પ્રતિવાદી નં.૨ ને રજી.એડી.બજયા અંગેનું સ્ટેટસ |
| ૧૦ | ૨૧ | કન્ઝયુમર્સ પર્સનલ લેજર અંગેનું સર્ટીફીકેટ |

આ કામે વાદી તરફથી આંક–૨૨ થી કલોઝીંગ પુરશીસ થી વધુ કોઈ મૌખિક કે લેખિત પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં સબબ કામ પ્રતિવાદીઓના પુરાવા સારુ રાખવામાં આવેલ છે.

(૪) સદર કામે પ્રતિવાદી કે તેમના વિ.વ.શ્રી હાજર થઈ કોઈ પુરાવો રજુ કરતાં ન હોય વાદીના વિ.વ.શ્રી વાદીની ઉલટ તપાસનો તથા પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરવા અરજ કરતાં, પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસનો હકક બંધ તથા પ્રતિવાદીનો પુરાવો હકક બંધ કરવામાં આવે છે.

(૫) આ કામે વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) **મુદ્દા અને તેના નિર્ણયો :**

(૬.૧) આ દાવાના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દા કાઢેલા છે.

મુદ્દા નં.૧ શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ તેઓની કંપનીમાં વીજ કનેકશન મેળવવા અરજી કરેલ અને તેમાં કાયદેસરની વિધિ પૂર્ણ કર્યા બાદ વાદી કંપનીએ તેઓને વીજ કનેકશન નં. ૭૩૬૩૮/૦૧૧૦૭/૦ ની ફાળવેલ ?

મુદ્દા નં.૨ શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે થી જાન્યુ.–ફેબ્રુ. ૨૦૧૯ થી જુલાઈ ૨૦૨૨ સુધીના રૂા. ૪૧,૦૯૪–૫૫ કાયદેસરના લેણીના બાકી નીકળે છે ?

મુદ્દા નં.૩ શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે થી રૂા. ૪૧,૦૯૪–૫૫ વસુલ મેળવવા હકકદાર છીએ ?

મુદ્દા નં.૪ શું વાદી માંગ્યા મુજબ વ્યાજની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા ?

મુદ્દા નં.૫ શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છીએ ?

મુદ્દા નં.૬ શું હુકમ, હુકમનામું ?

(૬.૨) આ કામમાં રજુ થયેલ મૌખિક અને લેખીત પુરાવા તથા કાયદાના પ્રબંધો લક્ષમાં રાખતાં, ઉપરોકત મુદ્દા માટેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ હકારમાં,

મુદ્દા નં. ૨ હકારમાં,

મુદ્દા નં. ૩ હકારમાં,

મુદ્દા નં. ૪ અશંતહકારમાં, દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬ % લેખે,

મુદ્દા નં. ૫ અશંત હકારમાં,

મુદ્દા નં. ૬ આખરી હુકમ અને હુકમનામા મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૦૧ થી ૦૪ ની સંયુકત ચર્ચા:–**

(૭.૧) વાદી પક્ષે પોતાના દાવાની હકકીત સાબિત કરવા માટે આ કામે વાદી તર્ફે આંક–૧૦૯ અલ્પેશ શીવલાલ અંબાણી, નાયબ ઈજનેરની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે તેમાં તેઓ જણાવે છે કે, વાદીની હેડ ઓફીસ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડએ નામથી રેસકોર્ષ, વડોદરા ખાતે આવેલી છે તથા જે ગુજરાત ઈલેકટ્રીક સીટી બોર્ડ જે એક સ્ટેચ્યુટરી બોડી હતી જે ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ એ નામથી નોંધાયેલ કંપનીમાં વિલીનીકરણ થયેલ છે અને તે કંપનીના કંટ્રોલ હેઠળ વહીવટી સરળતા માટે ૬ અલગ–અલગ કંપનીઓ અસ્તિત્વમાં આવેલ જે પૈકી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ નામથી એક કંપની જે સૌરાષ્ટ્ર કચ્છ ઝોન માટેની જવાબદાર કંપની છે જેની હેડ ઓફીસ રાજકોટ ખાતે આવેલ છે તથા જેની એક પેટા કચેરી હળવદ શહેર મુકામે આવેલ છે. જે આ કામના વાદી છે. વાદી ઈલેકટીક સીટી સપ્લાયર્સ એકટ મુજબ સ્ટેચ્યુરી

પીજીવીસીએલના નામે વીજ કંપની લાયસન્સી છીએ વાદી કંપનીની મુખ્ય ઓફિસ રાજકોટ ખાતે આવેલી છે જેની પેટા કચેરી હળવદ મુકામે આવેલ છે અને ત્યાંથી વિજ વિતરણ અને સંચાલન અને વિજ નિયમન કરે છે. જે રીતે વિજ વપરાશના હેતુસર કે જેમાં મુખ્યત્વે ઔધાગિક, ખેતીવાડી, ઘર વપરાશ વિગેરે હેતુનો સમાવેશ થાય છે. તેવા હેસર વિજળી વપરાશ કરવા માંગતા ગ્રાહકોને સદર કંપનીના કાયદા મુજબ તથા ધારા–ધોરણ મુજબ વીજળી વિતરણ કરી વિજ સેવા પુરી પાડે છે. તે રીતે વાદી અને વીજ વાપરતા ગ્રાહકો એકબીજા સાથે કરાર આધારીત પક્ષકારો છે. આમ, આ કામના પ્રતિવાદીએ વાદી પાસેથી ઘર વપરાશના હેતુસર વીજ પુરવઠો મેળવવા માટે કંપનીના નિયમ મુજબ નિયત ફોર્મમાં અરજી કરતા વાદીએ પ્રતિવાદીને વિજ પુરવઠો આપવાનું સ્વીકારેલ અને તે માટે પ્ર તિવાદીએ કંપનીના નિતી–નિયમો તથા ઠરાવેલ શરતોએ વિજ વપરાશના બદલામાં નાણાના સ્વરૂપમાં ચડયુ ચડયુ બીલ ભરપાઈ કરવા માટે વચન આપેલ અને તે મુજબ કંપની અને પ્રતિવાદી વચ્ચે કરાર આધારરિત જરૂરી દસ્તાવેજો થયેલ અને પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજો કરી આપેલ અને શરતો સ્વીકારેલ જે હકકીતે પ્રતિવાદી કંપનીના ગ્રાહક થયેલ. પ્રતિવાદીનો ગ્રાહક નં. ૭૩૬૩૮/૦૧૧૦૭/૦ અને તે રીતે કંપનીના ગ્રાહક દરજ્જે વિજ વપરાશના તથા મીનીમમ વજી વપરાશની રકમ તથા કાયદા મુજબના વ્યાજની તથા અન્ય ઠરાવેલ રકમ તમામ ભરપાઈ કરવા માટેની જવાબદારી આ કામના પ્રતિવાદીની છે. આમ, વાદીએ પ્રતિવાદીને વિજ પુરવઠો પુરો પાડેલ છે અને વાદી તરફથી નિયમ મુજબ વિજ વપરાશનું બીલ આપવામાં આવેલ. પરંતુ પ્રતિવાદી વિજ પુરવઠો સતત વાપરતા રહેલ અને બીલની રકમ નિયમિત રીતે ભરપાઈ કરવાની કોઈ દરકાર કરેલ નહીં અને બીલની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ રહેલ છે. પ્રતિવાદીની વીજ વપરાશ તથા મીટર ભાડુ ઈલેકટ્રીક ડયુટી, મીનીમમ ચાર્જ તથા ડીલેપેમેન્ટ ચાર્જ વગેરે મળી માસ જાન્યુ.–ફેબ્રુ. ૨૦૧૯ થી જુલાઈ ૨૦૨૨ ના સમયગાળા માટે રૂા.૪૧,૦૯૪–૫૫ પૈસા પ્રતિવાદીએ વાદીને ભરપાઈ કરેલ નથી અને સતત વપરાશ કરેલ છે અને તે રીતે પ્રતિવાદીએ કરારનો ભંગ કરેલ છે જે હકીકતે રૂા.૪૧,૦૯૪–૫૫ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ કરવા વાદી હકકદાર થાય છે. આ ઉપરાંત પ્રતિવાદીને તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ કાયદા મુજબ મળવાપાત્ર લેણી રકમ વસુલ કરવા રજી. એડી.થી નોટીસ આપેલ જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે અને રકમ ભરપાઈ કરવા જાણ કરેલ છતાં તેમ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ ગયેલ ત્યારથી તેમજ પ્રતિવાદી તરફથી કરારનો અંત આણતા વાદીએ પ્રતિવાદીનું કનેકશન કાયમી ધોરણે કાપી નાખ્યુ ત્યારથી, તેમજ જેમ જેમ વીજ વપરાશની બીલની રકમ પ્રતિવાદી ખાતે ઉધારાતી ગઈ ત્યારથી તેમજ ત્યાર પછી રોજેરોજ આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. ઉપરોકત જણાવ્યા મુજબની રકમ તથા દાવાનાં તમામ ખર્ચ સહીત દાવાની દાખલ તારીખથી વાદીના લેણા વસુલ થતા સુધી વાર્ષિક ૧૮ ટકાના ચાલુ ચઢતા વ્યાજ સહ પ્રતિવાદીની જાત વ હરેક પ્રકારની મિલકતથી અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે અને સદર કામે દાવાના સમર્થનમાં વાદી પક્ષે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૭.૨) આ કામે પ્રતિવાદીને વાદી સંસ્થાના વકીલ ધ્વારા વીજ વપરાશના બાકી નીકળતા લેણાં પેટે નોટીસ મોકલવામાં આવેલ. જે પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ ધ્વારા કોઈ પણ રકમની ચુકવણી કરવામાં આવેલ ન હતી કે નોટીસનો જવાબ આપવામાં આવેલ ન હતો. વાદી સંસ્થા ધ્વારા અત્રેની કોર્ટમાં પ્રતિવાદી વિરુઘ્ધ દાવો દાખલ કરવામાં આવેલ છે કે જે દાવામાં અત્રેની કોર્ટ ધ્વારા

પ્રતિવાદીને કોર્ટમૃં હાજર રહેવાની નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ કોર્ટમાં હાજર થઈ કોઈ લેખિત જવાબ આપેલ નથી કે બચાવ કરેલ નથી. જેથી અત્રેની કોર્ટ ઘ્વારા એવું અનુમાન કરવામાં આવે છે કે, પ્રતિવાદીને તે દાવા બાબતે કોઈ વિરોધ કોઈ વાંધો નથી કે બચાવ નથી. જેથી અત્રેની કોર્ટ ઘ્વારા પ્રતિવાદીનો જવાબનો હક બંધ કરી કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે વાદી સંસ્થાએ અર્થ સરકારી સંસ્થા છે અને વાદી તર્ફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વાદી બોર્ડના કર્મચારી તેઓના અધિકૃત ફરજના ભાગ રૂપે તૈયાર કરી રજુ કરવામાં આવેલ છે તેમજ આ કામે આંક–૯ થી રજુ વાદી સંસ્થાના અધિકારી સોગંદનામા પર જુબાની આપેલ છે અને જે જુબાની તેઓ ઘ્વારા સોગંદપર આપવામાં આવેલ અને તેઓના ફરજના ભાગરૂપે તૈયાર કરી રજુ કરવામાં આવેલ છે. વાદી બોર્ડના અધિકારીને પ્રતિવાદીઓ સામે વૈમનસ્ય હોય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય જેથી અત્રેની કોર્ટ ઘ્વારા એવું અનુમાન કરવામાં આવે છે. પ્રતિવાદીને દાવા હકીકત બાબતે કોઈ વાં ધો નથી ત્યારે વાદી સાહેદની જુબાની અને જુબાનીના સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે વાદીનો દાવો સાબિત થાય છે અને વાદી પ્રતિવાદી પાસેથી રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા હોવાનું પુરવાર થતું હોય તેમ આ અદાલતનું માનવું છે. વાદીએ વીજ વપરાશ કરેલ તેવું પુરવાર થતું હોય અને તે અંગેના લેણા રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા મેળવવા હકકદાર હોય મુદ્દા નં.૧ , મુદ્દા નં.ર અને મુદ્દા નં. ૩ ,નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

(૭.૩) હવે, આ કામે વાદી કઈ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે અને તે વ્યાજ કયારથી અને કેટલુ હોવુ જોઈએ ? તે અંગે જોવામાં આવે તો, આ કામે વાદી ઘ્વારા પ્રતિવાદી પાસે વાદી કંપનીના વિજ વપરાશના તથા ડી.પી.સી.ચાર્જ સહિતના મળી રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા લેણા પડે છે તે રકમ ઉપર ૧૮ ટકા લેખે વ્યાજ માંગવામાં આવેલ છે પરંતુ ડી.પી.સી.ચાર્જ એ એક પ્રકારે બાકી રકમનુ પીનલ વ્યાજ ગણાય અને તે અંગે **નામ. સુપ્રીમ કોર્ટ ઘ્વારા સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા વિ. રવિન્દ્ર એ.આઈ.આર. ૨૦૦૧, પેઈજ નં.૩૦૯૫** ના ચુકાદાને ઘ્યાને લેતાં, વ્યાજની રકમને મુદ્દલમાં સાંકળી લઈ તે રકમ ઉપર ફરીથી વ્યાજ આપી શકાય નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે પ્રતિવાદી પાસે વાદી કંપનીના વિજ વપરાશના દાવા અરજીમાં જણાવેલ રકમ બાકી લેણા પડે છે. તેટલી જ રકમ વ્યાજની ગણતરી માટે મૂળ લેણી રકમ ગણાય. હવે, આ રકમ ઉપર વાદીને કેટલુ અને કયારથી વ્યાજ મળવુ જોઈએ ? તે અંગે જોવામાં આવે તો આ કામે વાદી કંપની ઘ્વારા પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર દાવા તારીખથી રકમ વસૂલ મળે ત્યાં સુધી ૧૮ ટકા વ્યાજ અપાવવા માંગણી કરેલ છે. ત્યારે **દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૩૪** જોવામાં આવે તો તેમાં વ્યાજ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે જોગવાઈ અનુસાર હુકમનામુ નાણા આપવા માટેનું હોય ત્યારે કોર્ટે જે મુદ્દલ રકમ ફેંસલાથી નકકી થયેલ હોઈ તેના ઉપર દાવો માંડયાની પહેલાની કોઈ મુદ્દલનુ વ્યાજ નકકી થયુ હોય તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનુ તેની સાથે મુદ્દલ રકમ ઉપર હુકમનામાની તારીખથી ચૂકવણી તારીખ સુધીનુ અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનુ પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક ૬ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો હુકમ કરી શકશે અને વઘુમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, એવી ઠરાવેલ રકમના સંબંઘમાં પક્ષકારો વચ્ચે વાણિજીયક લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય તો વ્યાજનો દર વર્ષે ૬ ટકા કરતા વઘુ રહી શકશે પરંતુ તે વ્યાજ અંગે કોઈ

કરાર અસ્તિત્વમાં હોય તો તે કરારમાં ઠરાવેલ દર કરતા અથવા તેવા કરારમાં દર ઠરાવ્યો ન હોય ત્યારે રાષ્ટ્રીયકૃત બેન્ક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતા વધુ વ્યાજ અપાવી શકાય નહી. હવે, આ કામે જયારે વાદી–પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગે કોઈ કરાર થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ ન હોય તેમજ વાદી પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર વાણિજીયક લેવડ–દેવડનો પણ નથી ત્યારે કલમ–૩૪ અનુસાર વાદીને ૬ ટકા થી વધુ દરે વ્યાજ અપાવી શકાય તેમ ન હોય ત્યારે, વાદી કંપનીને પ્રતિવાદીએ કરેલ વીજ વપરાશની લેણી રકમ રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા ઉપર જો વાર્ષિક ૬ ટકા લેખે પ્રતિવાદી પાસેથી સાદુ વ્યાજ અપાવવામાં આવે અને તે વ્યાજ દાવા તારીખથી લેણી રકમ વસૂલ થતા સુધીનુ અપાવવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત કરેલ ચર્ચાઓને આ કામે મુદ્દા નં–૪ "**અંશત:હકારમાં** "" માં આપવમાં આવે છે.

આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે મુદ્દા નં. ૫ " **અંશત:હકારમાં** " આપી, મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(અ) વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(બ) આ કામના પ્રતિવાદીએ વાદી સંસ્થાને રૂા. ૪૧,૦૯૪–૫૫ પૈસા (અંકે રૂપિયા એકતાલીસ હજાર ચોરાણું અને પંચાવન પૈસા પુરા) દાવા તારીખથી વસુલ થતાં સુધી ૬(છ) ટકાના વ્યાજ સાથે ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(ક) આ કામના પ્રતિવાદીએ વાદીના દાવાનો ખર્ચ ભોગવવો અને પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(ડ) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા.: ૦૨/૦૨/૨૦૨૪.

**( આદિલખાન લીયાકતખાન પઠાણ )**
**એડી. સિવિલ જજ, હળવદ.**
**જી.મોરબી (GJ01684)**

(H.D.L/Steno)